ઉજી જૂને ટાઉનહૉલ ખાતે ઋત્વા પટેલનું આરંગેત્રમ્

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આગામી તા. ૩જી જૂનના રોજ ઋત્વા પટેલનું આરંગેત્રમ આયોજિત કરવામાં આવ્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત લલિતકલા ઍકેડેમીની વિદ્યાર્થીની ઋત્વા એ નયનાબેન અને રાજેન્દ્રભાઈ પટેલની પુત્રી છે.

કલાગુરૂ શકુંતલાબેન ઓઝા પાસેથી ઋત્વાએ ભરતનાટ્યમ્‌ની તાલીમ સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે ને પોતાની સાત વર્ષની કલા સાધનાને અંતે હવે એ આરંગેત્રમ પ્રસ્તુત કરવા જઈ રહી છે.

બપોરે ૨-૩૦ કલાકે યોજવામાં આવેલા આ કાર્યક્રમના આરંભે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રમુખ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમેન વલ્લભભાઈ એમ પટેલ, મુખ્ય મહેમાન તરીકે સિધ્ધિ ગૃપના ચૅરમેન મુકેશભાઈ પટેલ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા તથા શાયોના પરિવારના સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

રસ ધરાવતા કલારસિકોને આ કલા પ્રસ્તુતિ નિહાળવા લલિતકલા ઍકેડેમી તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

રાજયમાં ૧૪મી જૂનથી ત્રણ દિવસ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૯

કૃષિ મહોત્સવનો કાર્યક્રમ આવતીકાલે પૂર્ણ થયા બાદ આગામી ૧૪મી જુનથી ત્રણ દિવસ માટે રાજયમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

રાજય સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગત દ્દ્દી મે થી રાજયના ૨૨૫ તાલુકાઓમાં કૃષિ રથ કાઢવામાં આવ્યો હતો. એક માસ માટે હાથ ધરવામાં આવેલ કૃષિ મહોત્સવનો કાર્યક્રમ આવતીકાલે પૂર્ણ થઈ રહ્યો છે.

કૃષિ મહોત્સવ બાદ હવે આગામી ૧૪મી જુનથી ત્રણ દિવસ માટે રાજયમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. આ કાર્યક્રમ દરમિયાન શાળાએ ન જતાં બાળકોને શાળામાં નામાંકન કરાવવામાં આવશે.

બાળકો શાળામાં પ્રવેશ મેળવે તે માટે તેમને પ્રોત્સાહીત કરવા બાળકોને સ્કુલ બેગ તેમજ રમકડાંઓનું પણ વિતરણ કરવામાં આવનાર છે. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શાળાઓ સાથે આંગણવાડીઓને પણ સાંકળી લેવામાં આવી છે અને આંગણવાડીઓમાં પણ બાળકોનું નામાંકન કરાવાશે.

૧૪મી જુનથી શરૂ થનારા શાળા પ્રવેશોત્સવની કામગીરી માટે મંત્રી ધારાસભ્યો સાંસદો ઉપરાંત સનદી અધિકારીઓ આઈ.પી.એસ. અધિકારીઓ સહિત દોઢ હજાર જેટલા વર્ગ-૧ના અધિકારીઓને કામગીરી સોંપવામાં આવનાર છે.

કલ્પના કરતાં જ્ઞાન વધારે મહત્ત્વપૂર્ણ છે

ગાંધીનગર, તા. ૨૯

યુવા પેઢીમાં કલ્પના અને સર્જનાત્મકતા કેળવવા માટે અને બૌદ્ધિક સંપદાને મજબૂત કરવા પ્રેરણા આપવા માટે ગુજકોસ્ટ દ્વારા ત્રણ દિવસીય 'રિફ્રેશર કોર્સ ઑન અપડેટ ઑન ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઈટ'નું આયોજન ગત તા. ૨૩થી ૨૫ મે દરમ્યાન કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સલાહકાર ડૉ. જી જે સમથનમે આ પ્રોગ્રામને અનુલક્ષીને જણાવ્યું કે પેટન્ટ આપણી બૌદ્ધિક સંપદાનો શ્રેષ્ઠ માપદંડ છે. જે આપણા દેશ અને રાજયમાં વૈજ્ઞાનિકો અને સંશોધકોને સંશોધન કરવા માટે વેગ આપશે. આપણી યુવા પેઢી આઈપીઆરમાં પોતાની કારકિર્દી બનાવશે અને સંશોધનો કરી આપણા દેશની બૌદ્ધિક સંપદાને પ્રબળ બનાવશે. આજ સુધી આપણી પ્રગતિ હોવા છતાં આપણે હજુ પણ રૂપિયા છાપવાની પ્રક્રિયા માટે રૉયલ્ટી આપીએ છીએ. દેશભરમાં ૪ હજારથી પણ વધારે યુનિવર્સિટીઝમાં દર વર્ષે ૧૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ પીએચડી કરવા છતાં એટલા પ્રમાણમાં પેટન્ટ રજિસ્ટર થતા નથી.

ગુજકોસ્ટ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર હેઠળ કાર્યરત સંસ્થા છે. ગુજકોસ્ટ દ્વારા ત્રણ દિવસીય આઈપીઆર રિફ્રેશર કોર્સનું આયોજન ઈન્સ્ટીટ્યુટ ઑફ સિસ્મોલૉજીકલ રિસર્ચ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું, જેનો હેતુ બૌદ્ધિક સંપદા અધિકાર અંગેની પ્રવૃત્તિઓમાં તાજેતરમાં વિકાસ વિશે પ્રેરણા અને જાણકારી આપવાનો હતો.

આ કાર્યક્રમ તેના પેટન્ડ સગવડ કેન્દ્રના એક ભાગરૂપે યોજવામાં આવ્યો હતો. ગુજકોસ્ટની જેમ દરેક રાજયમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી કાઉન્સીલ હેઠલ પેટન્ટ માહિતી કેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે, જે પેટન્ટની નોંધ અને તેની રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે મદદ પૂરી પાડે છે.

આ કાર્યક્રમ દેશના ૩૦ રાજયોના પેટન્ટ માહિતી કેન્દ્રના અધિકારીઓ માટે યોજવામાં આવ્યો હતો. આવા ૧૦૦ અધિકારીઓ માટે ત્રણ બેચમાં કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

ગુજકોસ્ટે આ સંદર્ભમાં ખૂબ જ વ્યાપક તાલીમ પધ્ધતિની રચના કરી છે જે માટે સ્થાનિક અને રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાતોનો સહયોગ મળી રહ્યો છે.

આ કાર્યક્રમના પ્રથમ અભ્યાસક્રમનું આયોજન ૨૩ મે ના રોજ કરવામાં આવ્યું, જેમાં ૧૦ રાજયોના ૩૦ અધિકારીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બોલતાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ રવિ સક્સેનાએ જણાવ્યું હતું કે આપણું જ્ઞાન નવીનતાના દાયકામાંથી પસાર થઈ રહ્યું છે. પેટન્ટ સિસ્ટમ સંશોધન અને વિકાસમાં વધુ ઉમેરો કરશે. આઈએસઆરના રિરેક્ટર જનરલ ડૉ. બી કે રસ્તોગીએ વૈજ્ઞાનિક સંશોધન અને પેટન્ટ રજિસ્ટ્રેશનનું મહત્ત્વ સમજાવ્યું અને પોતાની સીએસઆઈઆર પ્રયોગશાળામાં પ્રથમ પેટન્ટ અંગેના અનુભવો જણાવ્યા. અન્ય મહાનુભાવોએ પેટન્ટ પ્રક્રિયા, ઑફિસ અને આઈપીઆરની હાલની પરિસ્થિતિ વિશે વક્તવ્યો આપ્યાં.

કાર્યક્રમના બીજા દિવસે ટ્રેડમાર્ક ઑફિસ, અમદાવાદના આસી. રજિસ્ટ્રાર પવનકુમાર પાંડેએ ટ્રેડમાર્ક વિશે વક્તવ્ય આપ્યું. અન્ય નિષ્ણાતોએ પેટન્ટ ડ્રાફ્ટીંગ, કોમ્પિટીટીવ એડવાન્ટેજ, પેટન્ટીંગ ઈન ઈન્ડિયા ઍન્ડ ઍબ્રોડ અંગે પોતાનાં વક્તવ્યો આપ્યાં. મધ્યાહ્ન પછી અધિકારીઓ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે મુલાકાત માટે ગયા.

કાર્યક્રમના ત્રીજા દિવસે પેટન્ટ સર્જ, ૬ જૂન, ૨૦૧૨ના રોજ થનાર વીનસ ટ્રાન્ઝીટ, પેટન્ટ ડ્રાફ્ટીંગ અને પેટન્ટ સ્પેસીફિકેશન વિશે વિગતવાર માહિતી આપી. એ પછી અધિકારીઓ એ આઈએસઆરમાં વિવિધ લૅબની મુલાકાત લઈ ભૂકંપને લગતી માહિતી મેળવી.

પ્રોગ્રામના અંતે પૂર્ણાહુતિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત સ્ટેટ બાયોટેક મિશનના ડિરેક્ટર અક્ષય સક્સેના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. એમણે બાયોટેકનોલોજી ક્ષેત્રમાં પેટન્ટનું મહત્ત્વ અને પેટન્ટ મેળવવા અંગેની ઉપયોગી માહિતી આપી. કોર્સમાં ભાગ લેનારા અધિકારીઓએ કોર્સ અંગે હકારાત્મક પ્રતિભાવ આપતાં તેને ઉપયોગી ગણાવ્યો હતો. અંતે, પ્રો. આર જી મોટવાણીએ આભાર દર્શન કર્યું હતું.

આ કોર્સ અંગેની બે ભાવિ બૅચ આગામી માસ દરમ્યાન યોજાશે, જે અંગેના કાર્યક્રમ વિશે ટૂંકમાં જાહેરાત કરવામાં આવશે.

ગુજરાત સ્ટેટ ઍક્વેટીક ચૅમ્પિયનશીપમાં ગાંધીનગરના તરવૈયાઓ ઝળક્યા



ગાંધીનગર, તા. ૨૯

તા. ૨૬ અને ૨૭ મે ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ સ્ટેટ સ્વિમીંગ ચૅમ્પિયનશીપમાં ગાંધીનગરે કુલ ૮ મૅડલ પ્રાપ્ત કર્યા છે. જેમાં રાજીન્દ્રસિંગ આનંદે ૧ ગોલ્ડ, ૧ બ્રૉન્ઝ તથા જીલ મોદીએ ૧ બ્રૉન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે.

ઍસોસિએશનના પ્રમુખ વિપુલ પટેલ જણાવે છે કે ગાંધીનગરની આ સિદ્ધિ ઍસોસિએશનના મંત્રી રામમિલન યાદવ, સહમંત્રી રાકેશભાઈ ભટ્ટ, ઈન્ફોસિટી ક્લબના સ્વિમીંગ ઈન-ચાર્જ નિલેષભાઈ શેઠ, કોચ કમ મૅનેજર ચિરાગ લેખા વગેરેને આભારી છે.

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ સ્વિમીંગ ઍસોસિએશનના પ્રયાસોથી સ્વિમીંગની પ્રવૃત્તિમાં સુધારો જોવા મળી રહ્યો છે. જોકે, ગાંધીનગરમાં ૫૦ મીટરનો સ્વિમીંગ પુલ હોવા છતાં તે ઉપયોગમાં ન હોવાને કારણે પ્રૅક્ટિસ માટે તરવૈયાઓને ખાસ્સી તકલીફ પડી રહી છે.

બીજે મડીકલમા પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. પ્રવેશ માટે ફોર્મ લેવા વિદ્યાર્થીઓની લાંબી લાઈનો લાગી હતી.

અવ્યવસ્થાને કારણે પરિસ્થિતિ વણસી

ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા વેળા બીજે મેડીકલમાં હોબાળો થયો

અમદાવાદ,તા. ૨૯

એડમિશન કમિટિ ફોર મેડીકર અને પેરા મેડિકલ દ્વારા સીવીલ હોસ્પિટલની બીજે મેડીકલ કોલેજ ખાતે આજથી શરૂ થયેલી પ્રવેશ ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા દરમિયાન અવ્યવસ્થાને કારણે ભારે હોબાળો મચી ગયો હતો. વિદ્યાર્થી-વાલીઓએ આવેશમાં આવી તોડફોડ કરતા એક વિદ્યાર્થીને ઈજા થઈ હતી.

પ્રવેશ કમિટિદ્વારા મેડીકલ અને પેરા મેડીકલની ૭૯૬૩ બેઠકો માટે ૨૪મી મેથી ફોર્મ વિતરણની પ્રક્રિયા શરૂ થઈ હતી. જે સાતમી જૂન સુધી ચાલશે. અત્યાર સુધીમાં ૧૪૦૦૦થી વધુ ફોર્મનું વેચાણ થયું છે બીજીબાજુ આજે શહેરની સીવીલ હોસ્પિટલની બીજે મેડીકલ કોલેજ ખાતે ફોર્મ સ્વીકારવાના પ્રથમ દિવસે રાજ્યભરમાંથી વિદ્યાર્થી-વાલીઓના ટોળા ઉમટી પડ્યા હતા. હોલની અંદર કેપેસિટી કરતા સંખ્યા વધી જતા વિદ્યાર્થી-વાલીઓએ હોબાળો મચાવ્યો હતો અને તોડફોડ શરૂ કરી હતી. જેમાં એક વિદ્યાર્થીને હાથના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

પ્રેરણા વિદ્યાલયનું ધોરણ-૧૨નું પરિણામ ૭૫ ટકા

ગાંધીનગર, તા. ૨૯

પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ એનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૫ ટકા આવ્યું છે. પ્રથમ ત્રણ ક્રમે ચાર વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. પ્રથમ સ્થાને જશપાલ અશોકકુમાર વડસરા (૭૫.૬૬%), બીજા ક્રમે કિરણસિંહ પ્રદીપસિંહ ખાંટ (૭૪.૬૬%), અને ત્રીજા ક્રમે નિલમ નાગજીભાઈ દેસાઈ તથા રવિકુમાર ગિરીશભાઈ વાઢેર (૭૩.૪૨%) ઉત્તીર્ણ થયા છે.

સૅન્ટ ઝેવિયર્સનું ધોરણ-૧૨ કૉમર્સનું પરિણામ ૯૬ ટકા

ગાંધીનગર, તા. ૨૯

સૅન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ગાંધીનગરનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૬ ટકા જેટલું આવ્યું છે. ૪૮માંથી ૪૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે જેમને શાળા પરિવાર તરફથી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. શાળાના પ્રથમ દસ વિદ્યાર્થીઓમાં અનુક્રમે હેતલ કે પરમાર (૫૭૩), પુજન કે જોષી (૫૬૨), કોમલ એચ જાની (૫૬૦), રૂચિતા એસ શાહ (૫૪૪), રિચા સી રાણા (૫૪૦), શેફા આર મનસુરી (૫૪૦), હેતલ જે બારોટ (૫૨૨), પાર્થ કે સક્સેના (૫૨૧), પરીન વી દેસાઈ (૫૧૧), સત્યા એસ મહેતા (૫૦૯) અને જીલ એ દેસાઈ (૫૦૪)નો સમાવેશ થાય છે.

જીડીઍમ તથા ઍચઍનજે કોબાવાળા ઉચ્ચતર માધ્યમિક શાળાનું ઉચ્ચ પરિણામ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર કેળવણી મંડળ, કોબા સંચાલિત શ્રી જી ડી ઍમ તથા ઍચ ઍન જે કોબાવાળા ઉચ્ચતર માધ્યમિક શાળાનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૩.૮૭ ટકા જેટલું આવ્યું છે. શાળાના વિદ્યાર્થી જયેન્દ્ર કે ઠાકોરે ૭૫.૫૭ ટકા સાથે પ્રથમ, જ્યોતિ જે વાઘેલાએ ૭૩.૧૪ ટકા સાથે દ્વિતિય તથા હીના જી વાઘેલાએ ૭૧.૨૯ ટકા સાથે શાળામાં તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો છે.

સ્ટાફ, આચાર્ય તથા કેળવણી મંડળ તરફથી પાસ થનારા સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

હિમાલય - પર્વતોમાં પડાવ, શિમલા-ફૂફરી ખાતે

મુગ્ધા, કિશોર અને યુવાની ત્રિવેણી વિદ્યાર્થી અવસ્થાના સંસ્મરણોનું ભાથુ દીર્ઘકાલિન હોય છે.તેમાં વળી વેકેશનમાં કુદરતના ખોળામાં સમય વિતાવવાની પ્રવાસની તક માણવા મળે, તે દરેક પળ સૌનું આજીવન સુખદ સંભારણું બની રહે છે. ઉત્તર ભારતના આવા પ્રવાસમાં, દિલ્હીથી ત્રણસો પંચોતેર કીલોમીટર દૂર રાષ્ટ્રીય ધોરી માર્ગે આગળ વધતા પાણીપત, કરનાલ, શાહબાદ, બરવાડ, ચંદીગઢ બાયપાસ મારફતે હિમાચલ પ્રદેશમાં થતા પ્રવેશ સાથે નહાન અને નારકંડા પહાડો વચ્ચે આવેલ કાલકા, ધરમપુર, સોલન, સાલોગ્રા, શોંઘી વટાવીને , હવાખાવાના સ્થળોમાં પર્વતોની રાણી (ક્વિન ઑફ માઉન્ટેન્સ) ગણાતા શિમલા વિસ્તારમાં હરિત પર્વતશૃંખલાનું કુદરતી અજબ આકર્ષણ ઉત્તરોત્તર પ્રબળ બનતું જાય છે. બાળકો અને તરુણો સહિત અમે આ કુદરતી નજરાણાને નીરખવામાં ખોવાવા લાગ્યા.

ઘટી રહેલા હવાના દબાણનો અનુભવ પણ થતો રહ્યો. સાથોસાથ દિવસ દરમિયાનની પ્રારંભની મુસાફરીમાં અકળામણ ભર્યો સૂર્ય પ્રકોપનો ગરમાવો ભૂલાઈ ગયો. સંધ્યાની શરુઆત સાથે પહાડના દરેક વળાંકે ઠંડકની અનુભૂતિ થતી રહી. રાત્રીના નવના સુમારે કૅમ્પ ખાતે પહોંચતા જ, મોસમનો મીજાજ જોવા મળ્યો. ઠંડી સામે સજ્જ થવા ગરમ વસ્ત્ર હાથ વગુ રાખવા આપેલ આગોતરી સૂચના તરફ બેદરકાર રહેલ, થોડુંક અંગ ઢાંકવાના લીબાશમાં જોડાયેલ કેટલાક યુવક-યુવતીઓને, થોડીથોડીવારે પંજા ઘસતા, અબદ વાળતા અને છેવટે શરીરે સાથ ન આપતા અગીયાર ડિગ્રી હવામાનની ટાઢકે ધ્રુજતા જોઈને તેઓની રમૂજ કરવાનો મોકો નાના બાળકોએ નિર્ભયપણે ઉઠાવ્યો હતો. સૌએ વિશાળ ડાઈનીંગ-હોલમાં ઉષ્મા પ્રસરાવી રહેલ આધુનિક બુખારી તાપણાની આસપાસ ચપોચપ ગોઠવાયેલ સૌનો ઉત્સાહ અનેરો હતો. ગરમાગરમ ખીચડી-કઢીના સ્વાદે અડતાલીસ કલાકનો થાક ભૂલાઈ ગયો. શહેરી વિસ્તારથી દૂર અને કુદરતી સાંનિધ્યમાં ઊભા કરાયેલ પડાવ-કૅમ્પના ડાયરેક્ટર ગૌરવ પટેલે શબ્દોમાં ઉમળકો છતાં અવાજમાં શિસ્તના રણકાર સાથે દસથી બાવીસ વર્ષની ઉમંરના ગૃપને હિમાલયના ખોળામાં રહીને કુદરતને માણવા, પલટાતી મોસમમાં પહાડની કેડીઓમાં દરેક પળે ઊભા થતા જોખમો અને તકેદારીના પગલાં, સાહસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે જરુરી પ્રાથમિક સાવચેતી લેવાનો સરળ સંદેશ આપ્યો. પર્વતની ધારે-ધારે જુદીજુદી ઊંચાઈએ સાંકડી કેડીથી જોડતા ઍટેચ્ડ-ટોઈલેટની સુવિધાવાળા દસથી વધુ કોટેજમાં ગર્લ્સ અને બોયૂઝ સેટલ્ડ થયા.

હજી મધ્યરાત્રી પછીના પ્રહરનો આરામ માણવામાં આવી રહ્યો હતો, ત્યાં જ છેલ્લા પહોરમાં વીજ-કડાકા સાથે વરસી રહેલ વરસાદનો લાભ મળ્યો. વહેલા ઉઠવાની ફૂટેવવાળી કેટલીક વ્યક્તિઓએ સવારે પાંચની આસપાસ મોં-સૂઝણા સમયે પૂર્વ તરફ સૂર્યોદયને નિહાળવાનો પ્રયત્ન કર્યો હતો. હિમગીરીમાળાઓની ટોચથી લઈને ખીણ વિસ્તારમાં ફેલાયેલ ધુમ્મસને કારણે સનરાઇઝ જોવાના લાભથી તેઓ વંચિત રહ્યા હતા. પરંતુ કોટેજના પોર્ચમાંથી અન્યો સાથે કુદરતના નજારાને નિરખવા સાથે તાજગીસભર શુદ્ધ હવા શ્વાસમાં ભરી લેવાનો આનંદ માણ્યો. સવારમાં ગરમાગરમ નાસ્તો અને દૂધ- ચ્હા કે કોફીને સ્ચિ મુજબ ન્યાય આપ્યો. આ દરમિયાન આકાશ સ્વચ્છ થતા, હિમાલયની નયનરમ્ય વાદીઓ નિરખવા મળી.

કૅમ્પમાં નાના સમૂહ સાથે વસુંધરાની યુવા પર્વતમાળા ગણાતા હિમાલયની ગોદમાં બે હજાર સાતસો તેંતાલીસ મીટર એટલે કે આશરે નવ હજાર ફુટની ઊંચાઈએ આવેલ હિમાચલ પ્રદેશના જગ મશહૂર હવાખાવાના સ્થળ શિમલાથી પંદર કિલોમીટર દૂર અને એક સો ફૂટની વધુ ઊંચાઈ ખાતે આવેલ ફુફરી નજીક પહાળોના ઢોળાવ ખાતે કૅમ્પમાં અલગ-અલગ નાના-નાના ગૃપમાં રહેવાનો લાભ મળ્યો. અહિંની સ્થાનિક ભાષામાં તળાવને ફુફર કહે છે, તેના પરથી આ સ્થળ ફુફરી તરીકે જાણીતું થયાની લોકવાયકા છે.

પહાળોના ઢોળાવમાં વૃદ્ધિ પામેલ ગીચ વૃક્ષોથી છવાયેલ આસપાસના પહાડોમાં સૌથી ઊંચી ટોચનો પર્વત મહાપુ પીક તરીકે ઓળખાય છે. સને ૧૮૧૯માં બ્રિટીશરાજના હસ્તક થયેલ ફુફરી સહિત શિમલાનો વિસ્તાર અગાઉ નેપાળ સામ્રાજ્ય હેઠળ હતો.

કૅમ્પના દિવસો દરમિયાન, નિયત કાર્યક્રમની પ્રવૃત્તિઓમાં થોડા ફેરફાર સાથે બે વિભાગમાં ગૃપને વહેંચી રોમાંચિત રમતોમાં સૌ પરોવાયા. નેશનલ માઉન્ટીનિયરિંગ સંસ્થાના તાલીમ પામેલ ઈન્સ્ટ્રક્ટર્સ મારફતે સલામતીની પુરતી સાવચેતી અને સાધનો સાથે ડબલ-રૉપ અને બર્માબ્રિજ, વેલી ક્રૉસિંગ, રૉક-ક્લાઇમ્બિંગ, રૅપલિંગ, રૉપ-ટાઈડ બુશ-ટ્રેકિંગ, ટ્રેઝર હન્ટ, સૈનિકનો પોશાક પહેરીને શીતયુદ્ધનો તાદૃશ અનુભવ કરાવતી પૅઇન્ટ બોલ તેમજ રાઈફલ શૂટિંગની રમત સહિતની આઉટ-ડોરની ઍક્ટિવિટીમાં ભાગ લઈ સ્વમાં રહેલ સાહસિકતાનો અનુભવ સૌએ માણ્યો. બપોરના સમયગાળામાં મળતા ગરમપાણીનો લાભ કેટલીક વ્યક્તિઓએ લીધો હતો. જ્યારે ઠંડા વાતાવરણમાં ગંદા થાય તે જ ન્હાય, તેવું સ્પષ્ટ વલણ ધરાવતા મોટાભાગના કૅમ્પર્સે ન્હાવાની ઝંઝટમાંથી છૂટ્યાનો આનંદ માણ્યો હતો. એક રમતમાં, માર્ગદર્શક વગર, બે ટૂકડીઓ અલગ અલગ માર્ગે કાચા નકશાની મદદથી પહાડની ખીણમાં અનેક કેડીઓમાંથી મુકરર સ્થળે પહોંચવામાં મળેલ સફળતાનો રોમાંચ થયો. ત્યારબાદ, જંગલના સૂકા ઘાસ-પાન ડાળીઓને નાના-મોટા પથરાઓના બનાવેલ ચૂલામાં સળગાવીને, દરેકને આપવામાં આવેલ મેગીના પેકેટ્સ અને પોતપોતાની વૉટર-બોટલનું પાણી ભેગું કરી, બન્ને ગૃપે જાતે બનાવેલ મૅગી ખાવાનો લ્હાવો સૌએ માણ્યો.

સામાન્યતઃ એકાદ-બે દિવસના સહેલાણીઓ, ઘણી હિન્દી ફિલ્મોના શૂટિંગ માટે સ્વર્ગ સમા શિમલ શહેરની આસપાસ બે-પાંચ કીલોમીટર વિસ્તારમાં આવેલ ધ મૉલ રોડ(શિમલાનું વાહનોની અવર-જવર રહિતનું બજાર), ક્રાઇસ્ટ ચર્ચ, જખુ હિલ, મ્યુઝિયમ, સમરહિલ, અશ્નાંદલે, તારાદેવી કે અન્ય પર્વત પરથી પણ નિહાળી શકાય તેવા કદાવર સંકટ મોચનની મૂર્તિ જોવા સહિત શિમલા દર્શનનો વાહનમાં ઉડતી મુલાકાત લઈને આનંદ અંકે કરે છે. ઢોળાવવાળા નાના મોટા માર્ગો પરથી બજારમાં ચાલતા ચાલતા હાંફી ન જવાય તો નવાઈ.

વૈજ્ઞાનિકો અને જ્યોતિષીઓ માટે હવામાનની આગાહી કરવાનો કુદરતી પડકાર આજે પણ અકળ ગણાય છે. રોકાણમાં વરસાદના ઝાપટામાં ભીંજાવાની મજા, બરફના કરા ઝીલવાનો આનંદ, નાની કેડી પર લપસવાનો લાભ, પાંચથી ઓછા ડિગ્રી તાપમાનમાં ગુલાબી ગાલ બનાવતી ઠંડીનો લાહ્વો આહ્લાદક હોય છે.

સ્થાનિક રોહડૂ તેહન્સીલ ના બટાડી ગામે સામાજિક પ્રવૃત્તિ હાથ ધરતા મહાપૂ નવયુવક મંડળના અનુભવી કાર્યકર્તા અનિલ નાસ્ટાના અવલોકન મુજબ હિમાલયમાં ત્રણથી ચાર હજાર ફૂટની ઊંચાઈ વિસ્તારમાં ગ્રીન પાઈન વૃક્ષો જોવા મળે છે, જેને સ્થાનિક રહિશો ચિડનું ઝાડ પણ કહે છે, તેની ડાળીઓ માંથી કચરો વાળવાના ઝાડૂ તૈયાર કરવામાં આવે છે. ચાર-થી છ હજાર ફૂટની ઊંચાઈ વિસ્તારમાં બ્લ્યૂ પાઈન, દેવદાર વૃક્ષો છે. દેવદારને ત્યાંના રહિશો સિડાર કહે છે. આઠ હજારની ઊંચાઈ વિસ્તારમાં સ્પ્રૂસ વૃક્ષો જોવા મળે છે. જ્યારે આઠથી દસ હજારની ઊંચાઈ વિસ્તારમાં બ્રાઉન, સિલ્વર અને ગ્રીન ઑક વૃક્ષો તેમજ સિલ્વર ફર બ્રિચ ટ્રી વૃક્ષો જોવા મળે છે. કાગળની શોધ પૂર્વે લખાણ માટે બ્રિચ ટ્રી માંથી ભોજપત્ર તૈયાર કરાતું હતું. આવા બ્રિચ ટ્રી વૃક્ષો આ ઊંચાઈએ વિશેષ પણે જોવા મળે છે. રોડોડેન્ડ્રમ નામના વૃક્ષોના લાલ ફુલોમાંથી જામ બનાવવામાં આવે છે. બીલાસપુર જિલ્લાના ગામ ભોજપુરના બાબુરામ શર્મા સહિત ઘણા યુવક-યુવતીઓએ એકાદ સપ્તાહના પહાડની ધારે કૅમ્પના પર્વત આરોહણની સાહસિક પ્રવૃત્તિઓને માન્ય સંસ્થામાંથી તાલીમ મેળવીને વ્યવસાય તરીકે અપનાવી રહ્યા છે. અનાલા આઉટ-ડોર જેવી રજીસ્ટર્ડ સંસ્થા દ્વારા યોજાતા કૅમ્પમાં આવા સ્થાનિક રહિશોને સિઝનલ રોજગાર પણ મળે છે.

હિમાલયની પર્વતમાળાઓમાં શિખર તરફ જવા-આવવા માટે કંડારાયેલ નાના માર્ગો તેમજ ઊંચા નીચા ભૂપૃષ્ડ પર વિકસી રહેલ લોકજીવનની રહેણીકરણી પર રોજબરોજ બદલાતા કુદરતી મોસમનો પ્રભાવ જોઈ શકાય છે.

પહાડોની ધારે ધારે જરૂરીયાત મુજબની તૈયાર થયેલ ઈમારતોમાં શિમલાનો બે-ત્રણ માળનો નવો બસ ડિપો, અંતિમધામ, મેડિકલ કોલેજ-હોસ્પિટલ, વગેરે મકાનોના બાંધકામોમાં ઇંજનેરી કૌશલ્ય જોઈ શકાય છે.

અહીં નદી જેવા કુદરતી જળસ્રોતના અભાવ વચ્ચે બ્રિટીશ વખતમાં માર્ગોની નીચે વિકસાવેલ જળ સંગ્રહના ટાંકાઓ પાણી પુરવઠાની કૃત્રિમ વ્યવસ્થા નોંધપાત્ર છે.

સ્નો-ફૉલ દરમિયાન ચો-તરફના આવાસ-રહેણાંકો અને રસ્તાઓ પર એક ફૂટથી ચાર-પાંચ ફૂટ જાડા બરફના થર જામે છે. કુદરતી શંકુકાર વૃક્ષો પરથી બરફ ખંખેરાય છે, આથી જ હિમાલયમાં આવાસોના છાપરાનું બાંધકામ તીવ્ર ઢાળવાળુ જોવા મળે છે. ભૂ-સ્ખલનમાં પહાડોના જમીનના હિસ્સાઓ તૂટીને છૂટા પડી વિનાશ પણ સર્જે છે. આવી વિકટ પરિસ્થિતિ સામે ટક્કર લેવા આધુનિક સાધનો-વાહનોનો ઉપયોગ થઈ રહ્યો છે. વધતી જનવસ્તી, રહેણાંકો અને રસ્તાઓના વિકાસ તેમજ વાહનોની સંખ્યામાં થઈ રહેલ વધારાને કારણે વાહન પાર્કિંગ સહિત મોકળાશનો અભાવ વર્તાય છે. અનુકૂળ જગ્યાઓમાં લિફ્ટ પાર્કિંગ પણ વિકસી રહ્યું છે. હિન્દુ, બુદ્ધ, ખ્રિસ્તી, મુસલમાન સહિતના આશરે પંદર ધાર્મિક સ્થળો આવેલા છે. સને ૧૮૮૮માં નીયો-ગોથીક પ્રકારની શૈલીનું બાંધકામ ધરાવતું ગૅયટી થીયેટર સદીઓ પુરાણા ભવ્ય ભુતકાળની યાદ અપાવે છે. પાંચેક કિલોમીટર દૂર નવા શિમલાથી ઓળખાતો વિસ્તાર વિકસી રહ્યો છે.

આજની બાળ-યુવા પેઢીને ઉનાળાના વેકેશનમાં સલામતી સાથે પર્વતારોહણની સાહસિક ઈતર પ્રવૃત્તિઓ સહિત પ્રવાસની આપવામાં આવી રહેલ તક માટે આ પેઢી નશીબદાર છે. તેઓના વાલીઓ અભિનંદનને પાત્ર છે. મુગ્ધા, કિશોર અને યુવાવસ્થાના સંસ્મરણોનું ભાથું તેઓના વ્યક્તિ વિકાસમાં નવી દિશા સૂચનનું વધુ એક સોપાન ઉમેરે છે, જે પ્રવર્તમાન સમયમાં ખૂબ જ આવકાર્ય છે.

- નરેશ ઠાકર